ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાંકીય સહાય મેળવવા માટેની અરજીની સમયમર્યાદા લંબાવવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ૨૭/૦૭/૨૦૨૦

વંચાણે લીધા :-

(૧) સા.વ.વિભાગનો તા.૫-૭-૨૦૧૧ નો ઠરાવ ક્રમાંક : રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક

(૨) સા.વ.વિભાગનો તા.૧૩-૧૦-૨૦૧૫ નો ઠરાવ ક્રમાંક : રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક

(૩) સા.વ.વિભાગનો તા.૭-૪-૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક : રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક

(૪) સા.વ.વિભાગનો તા.૨૦-૭-૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક : રહમ-૧૦૨૦૧૭-યુઓ-૧૦૬(૧૮૦૯૯૫)-ક

(૫) સા.વ.વિભાગનો તા.૨૧-૮-૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક : રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક

(૬) સા.વ.વિભાગનો તા.૨૫-૦૬-૨૦૧૯ નો ઠરાવ ક્રમાંક : રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-પાર્ટ-૧-ક

આમુખ

સરકારશ્રીના ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૧) પરના ઠરાવથી રાજય સરકારની વિવિધ સેવાઓમાં ફરજ બજાવતાં નિયમિત કર્મચારીઓ પૈકી ચાલુ નોકરીએ અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓનાં આશ્રિત કુટુંબને કર્મચારીની બાકી રહેલ નોકરીના સમયગાળાને ધ્યાનમાં લઈને ઉચ્ચક નાણાંકીય સહાય ચુકવવાની યોજના દાખલ કરવામાં આવેલ છે. ત્યારબાદ ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૨) પરના ઠરાવથી આ ઉચ્ચક નાણાંકીય સહાય ચૂકવવા માટેના અગ્રતાક્રમ અને અરજી કરવાની સમયમર્યાદા નકકી કરવામાં આવેલ છે. ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૩) પરના ઠરાવથી ચાલુ નોકરીએ તા.૧-૪-૨૦૧૬ કે ત્યારબાદ ચાલુ નોકરીએ અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓનાં આશ્રિત કુટુંબને ચુકવવાપાત્ર ઉચ્ચક નાણાંકીય સહાયમાં વધારો કરવામાં આવેલ છે. ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૪) પરના ઠરાવથી કરારીય સમયગાળા દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ ના ફીકસ પગારના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાંકીય સહાય ચૂકવવાની નીતિ દાખલ કરવામાં આવેલ છે. ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૫) પરના ઠરાવથી ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓમાં ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓ અંગે સ્પષ્ટતા બહાર પાડવામાં આવેલ છે. ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૬) પરના ઠરાવથી ચાલુ નોકરી દરમ્યાન લાપત્તા થયેલ વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓનાં આશ્રિત કુટુંબને પણ ઉચ્ચક નાણાંકીય સહાય યોજનાનો લાભ આપવામાં આવેલ છે.

ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓના આશ્રિત કુટુંબની વ્યકતિને પેન્શન મંજૂર થવામાં વ્યતિત થતો સમય / નિયમોની જાણકારીનો અભાવ /

નિરક્ષરતા / સામાજીક રીતરિવાજો / સ્વ. કર્મચારીનાં મૃત્યુનો આઘાત વિગેરે કારણોસર ઉચ્ચક નાણાંકીય સહાય મેળવવા માટેની અરજીની નિયત થયેલ છ(૦૬) માસની સમયમર્યાદા પૂર્ણ થયા બાદ કરવામાં આવતી અરજીઓ વિલંબના કારણો સાથે સમયમર્યાદામાં છૂટછાટ આપવા માટે રાજ્ય સરકારશ્રીને રજૂ કરવામાં આવતી હોય છે.

રાજ્ય સરકાર દ્વારા આવી અરજીઓમાં થયેલ વિલંબ બાબતેનાં કારણો સંતોષકારક જણાયેથી અરજી કરવાની નિયત સમયમર્યાદામાં છૂટછાટ આપવામાં આવતી હોય છે. અનુભવે જણાયેલ છે કે આ પ્રકારની નિયત સમયમર્યાદા બાદ વિલંબથી કરવામાં આવતી અરજીઓ બહોળા પ્રમાણમાં રજૂ થઈ રહેલ છે. આથી આ સંદર્ભે પુખ્ત વિચારણાને અંતે રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**<u>ઠરાવ :-</u>**

(૧) રાજ્ય સરકારની વિવિધ સેવાઓમાં ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓનાં કિસ્સાઓમાં તેમજ ફીક્સ પગારની નીતિ અન્વયે કરારીય નિમણૂંક પામેલ વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓનાં ચાલુ નોકરી દરમ્યાન અવસાન થવાના કિસ્સાઓમાં, સ્વ. કર્મચારીશ્રીનાં અવસાનની તારીખથી એક વર્ષની મુદત દરમ્યાન આશ્રિત કુટુંબના લાયક સભ્યએ નિયમોનુસારની ઉચ્ચક નાણાંકીય સહાય મેળવવા માટેની અરજી કરવાની રહેશે.

(૨) આ સુચનાઓ પ્રસિદ્ધ થયા બાદ, એક વર્ષની મુદત બાદ કરવામાં આવેલ ઉચ્ચક નાણાંકીય સહાયની અરજીનો વિભાગ / ખાતા / કચેરીનાં વડાની કક્ષાએથી જ અસ્વીકાર કરવાનો રહેશે અને તેની જાણ સંબંધિતને કરવાની રહેશે.

(૩) અગાઉ ઉચ્ચક નાણાંકીય સહાય ચુકવવાની યોજના અન્વયે છ(૦૬) માસની સમયમર્યાદા બાદ રજૂ થયેલ અને અસ્વીકાર થયેલ કેસોની આ લંબાવેલ સમયમર્યાદાને કારણે પુન: વિચારણા કરવાની રહેશે નહિં.

(૪) સામાન્ય વહીવટ વિભાગનાં તા.૫-૭-૨૦૧૧ ના ઠરાવ તેમજ ત્યારબાદ તે સંદર્ભે વખતોવખત થયેલ તમામ ઠરાવોની અન્ય જોગવાઈઓ / શરતો યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની નોંધથી મળેલ મંજૂરી અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ચૈતન્ય નિમાવત)
ઉપસચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર

પ્રતિ,
નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.